


ગાંધીનગરમાં ઘરફોડ ચોરીઓ અટકાવવા અને માર્ગ સલામતિ જાળવવાના મુદ્દા પર નાયબ પોલીસ અધિક્ષક જાડેજા સાથે શહેર વસાહત મહામંડળના હોદેદારો અને સંલગ્ન વસાહત મંડળો સાથે બેઠક યોજાઈ હતા.

# ચિલોડા આર્મી કેમ્પ પાસે અકસ્માતમાં મહિલાનું મોત

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આર્મી કેમ્પના ગેટ આગળ આજે ૧૨ વાગ્યાના સુમારે એક એક્ટીવા અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં એક્ટીવા સવાર દંપતિ ગંભીર ઈજાઓ થઈ હતી. અને સારવાર દરમિયાન એક્ટીવા સવાર મહિલાનું ગાંધીનગર સિવિલમાં કરૂણ મોત નિપજ્યું હતું. આ મામલે ચિલોડા પોલીસે અકસ્માતનો ગુનો નોંધી ગાડીના ચાલકની શોધખોળ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ગાંધીનગર-ચિલોડા માર્ગ ઉપરથી કલોલની જયઅંબે નાયક સોસાયટીમાં રહેતા રમેશચંદ્ર નારણભાઈ પરમાર અને તેમની પત્ની ઉષાબેન રમેશચંદ્ર પરમાર આજે સવારે ૧૨ વાગ્યાના સમયે પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન આર્મી કેમ્પ આગળ પહોંચતા પાછળ પૂરઝડપે આવતી એસેન્ટ કારના ચાલકે બેદરકારીપૂર્વક કાર હંકારી એક્ટીવાને ટક્કર મારી હતી. આથી એક્ટીવા સવાર દંપતિને ગંભીર ઈજાઓ થવા પામી હતી. જ્યારે કારનો ચાલક નાસી છૂટ્યો હતો. અને દંપતિને ૧૦૮ની મદદથી ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન મહિલાનું કરૂણ મોત નિપજ્યું હતું અને મહિલાના પતિની હાલત વધુ ગંભીર જણાતાં તેમને અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટના બાદ મૃતક મહિલાના પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. આ અંગે ચિલોડા પોલીસમથકના પી.એસ.આઈ. એમ.એસ. કોટવાલે એસેન્ટના ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

## આજે સુંદરકાંડના પાઠનું સેકટર-૧૪માં આયોજન

ગાંધીનગર, તા. ૨૭

પવિત્ર અને પાવનકારી શ્રાવણ માસ નિમિત્તે દેવાધિદેવ મહાદેવના રુદ્ર અવતાર એવા હનુમાનજી મહારાજની પાવન સાધનાના સ્વરૂપે રામચરિત માસના પંચમ સોપાન સુંદરકાંડના સંગીતમય પાઠ અને તા. ૨૮મી જુલાઈ ૨૦૧૨ને શનિવારે રાત્રે ૮ કલાકે પ્લોટ નં. ૧૨૧/૧, અંબાજી માતાના મંદિર પાસે, મહાત્મા ગાંધી મંદિર રોડ, સેકટર-૧૪ ખાતે યોજાશે.

ગાંધીનગરમાં જીણાભાઈ વાઘેલાના યજમાનપદે યોજાનાર સુંદરકાંડના પાઠનું દિલીપભારતી ગોસ્વામી અને હિરલ ગોસ્વામી ભકિતમય અને સંગીતમય બનાવી ભકતજનોને રસપાન કરાવશે.

## રાજ્ય સરકારની પ્રચાર પ્રસિદ્ધિ કરાનારૂ ખાતું જ સમસ્યાગ્રસ્ત

# પડતર પ્રશ્નોના ઉકેલની માંગ સાથે માહિતી ખાતાના અધિકારી-કર્મચારીઓનું ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન

ગાંધીનગર, તા. ૨૭

રાજ્ય સરકારની પ્રજાલક્ષી કામગીરીને વિવિધ માધ્યમો દ્વારા લોકો સુધી પહોંચાડીને સરકાર અને પ્રજા વચ્ચે સેતુરૂપ કામગીરી કરતા માહિતી ખાતાના વર્ષો જૂના અને વણઉકેલ્યા પ્રશ્નોને કારણે આ ખાતું જ સમસ્યાગ્રસ્ત થઈ ગયું છે. આના કારણે ખાતાના અધિકારીઓ-કર્મચારીઓએ તેઓના પ્રશ્નોના ઉકેલ માટે ના છૂટકે આંદોલનનો આશરો લેવો પડ્યો છે. માહિતી ખાતાના અધિકારીઓ-કર્મચારીઓની કામગીરી વિશિષ્ટ પ્રકારની છે. રાજ્ય સરકારની પ્રજાલક્ષી કામગીરીની પ્રચાર પ્રસિદ્ધિ માટે કર્મચારીઓ રાત-દિવસની પરવા કર્યા વિના અને વધારાની કોઈ અપેક્ષા રાખ્યા વિના રાજ્ય સરકારના તમામ જાહેર કાર્યક્રમો, મહત્વની ઈવેન્ટ દરમિયાન પ્રચાર પ્રસારની નિરંતર કામગીરી બજાવે છે. મુખ્યમંત્રીશ્રીના હસ્તક માહિતી ખાતું હોવા છતાં આ ખાતાના અધિકારીઓ-કર્મચારીઓને તેમના હક્ક માટે સતત લડત આપવી પડે છે. જો કે, આ લડત પહેલાં અનેક વખત રજૂઆતો કરવામાં આવી હતી. છતાં કોઈ નક્કર પરિણામ મળી શક્યું નથી ત્યારે ના છૂટકે ગુજરાત રાજ્ય માહિતી ખાતાના અધિકારી-કર્મચારીઓ દ્વારા ગાંધી ચીંધ્યા માર્ગે અસહકાર આંદોલન કરવાની ફર પડી છે.

માહિતી ખાતામાં જુદા જુદા સંવર્ગની ઘણી જગ્યાઓ ખૂબ જ લાંબા સમયથી ખાલી છે. બઢતીમાં વિલંબને કારણે કર્મયોગીઓ ઉપર કામનું ભારણ બમણું થયું હોવા છતાં મોટું આર્થિક નુકસાન પણ થઈ રહ્યું છે. આ જગ્યાઓ ભરવા વખતો વખત અનેક રજૂઆતો કરવા છતાં કોઈ પગલાં લેવાયા નથી એટલું જ નહીં છેલ્લા દસ વર્ષ ઉપરાંતના સમયથી ખાતાકીય પરીક્ષા લેવામાં આવી નથી અને આ જ કારણને ધરીને કેટલાંકને બઢતી આપવામાં આવતી નથી તો અમુક કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણ પણ નામંજૂર કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત અધિક માહિતી નિયામક, નયાબ માહિતી નિયામક, (મુખ્ય મંત્રીશ્રીના વિસ્તાર ઉત્તર ગુજરાત ઝોનમાં જ નાયબ માહિતી નિયામક કે જે જિલ્લા માહિતી

● અનુસંધાન પાના-૭ પર

## ગાંધીનગર જિલ્લા રેશનાલીસ્ટ એસો.ની ૨૯મીએ બેઠક યોજાશે

ગાંધીનગર જિલ્લા રેશનાલિસ્ટ એસોસિએશનના પ્રમુખ ભીખાભાઈ અમીને એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લા રેશનાલિસ્ટ એસોસિએશનની સામાન્ય સભા આવતીકાલે તા. ૨૯મી જુલાઈ ૨૦૧૨ને રવિવારે નિસર્ગ સાયન્સ સેન્ટર, પ્લોટ નં. ૬૧/૧, ઘ-ટાઈમ, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે સાંજે ૫ કલાકે યોજાશે. જિલ્લા રેશનાલિસ્ટ એસોસિએશનના સર્વે રેશનાલિસ્ટ સભાસદોને બેઠકમાં ઉપસ્થિત રહેવા ખાસ જણાવાયું છે.

## ચિદ શક્તિ ધ્યાન યોગ શિબિર ૨૯મી જુલાઈએ બલરામ ભવનમાં યોજાશે

પરમાનંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ યોગ એન્ડ રીસર્ચ ઈન્દોરના આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત એવા આદરણીય ગુરૂજી ડૉ. ઓમાનંદજી દ્વારા ચિદશક્તિ પક્રિયા વડે માનસિક બૌદ્ધિક અને આધ્યાત્મિક લાભ તથા તમામ રોગોમાંથી મુક્તિ સાથે સુખાકારી શીખવવામાં આવે છે.

તા. ૨૯મી જુલાઈએ સવારે બલરામ મંદિર સેકટર-૧૨માં યોજેલ છે. આ ચિકિત્સાથી તનાવ, ટેન્શન, ડિપ્રેશન, બ્લડ પ્રેસર, વધુ વજન પાચનતંત્રની તકલીફોનો લાભ મળે છે. આ શિબિરમાં આસન કરાવવામાં આવતા નથી.

## સે. ૬માં ઝુંપડા સંદર્ભે સંઘર્ષ સમિતિની બેઠક

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરના સેકટર-૬માં ઉભા થયેલા ઝુંપડાઓ દૂર કરવા માટે રચાયેલી સંઘર્ષ સમિતિ દ્વારા દર રવિવારે બેઠક યોજવામાં આવે છે. જેના ભાગરૂપે તા. ૨૯ જુલાઈને રવિવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે સે. ૬-સીના નવરાત્રી ચોકમાં ખાસ બેઠક યોજવામાં આવી છે. જેમાં ઝુંપડપટ્ટી દૂર કરવા માટેનો ખાસ એક્શન પ્લાનની ચર્ચા કરવામાં આવશે. જેમાં મોટી સંખ્યામાં સેકટરવાસીઓ ઉપસ્થિત રહેશે.

## ગાંધીનગરના મીના બજારે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

પ્રગતિ લારી પાથરણા મંડળના અધ્યક્ષ મહેન્દ્રભાઈ જોષીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આગામી તા. ૩૧મી જુલાઈ-૨૦૧૨ને મંગળવારે સવારે ૧૦ કલાકે પ્રગતિ લારી પાથરણા મંડળ મીનાબજાર જૂના સચિવાલય ખાતેના મેલડીમાતાના મંદિરે સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક પ્રસંગનો લાભ લેવા પ્રગતિ લારી પાથરણા મંડળના પ્રમુખ રમેશ ઠક્કરે નગરજનોને ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

# ભાડુઆતના કિસ્સામાં શહેરના પાંચ મકાન માલિક સામે કાર્યવાહી

ગાંધીનગર, તા. ૨૭

એસ.ઓ.જી. પોલીસની ટીમે આજે ચિલોડા સ્થિત એક ગેસ્ટ હાઉસમાં દરોડો પાડી તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન ગેસ્ટહાઉસમાં રજીસ્ટરની યોગ્ય જાળવણી ન થતી હોવાનું ધ્યાને આવતા પોલીસે જાહેરનામાના ભંગ બદલ કાર્યવાહી હાથ ધરી હતી. જયારે પોલીસનો જાણ કર્યા સિવાયના મકાન ભાડુઆતના કિસ્સામાં પણ શહેરના પાંચ મકાન માલિકો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર એસ.ઓ.જી. પોલીસની ટીમે આજે ચિલોડા સ્થિત શ્રીબાલાજી ગેસ્ટહાઉસમાં તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન ગેસ્ટહાઉસમાં એન્ટ્રી સંદર્ભેનું નોંધણીપત્રક યોગ્ય રીતે ન જળવાતું હોવાનું ધ્યાને આવ્યું હતું. પોલીસે ગેસ્ટ હાઉસના સંચાલક વિરૂધ્ધ જાહેરનામાના ભંગ બદલ ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. આ ઉપરાંત સે-૨૧ પોલીસ સ્ટેશનની હદમાં આવતા સે-૨૫, સે-૨૨ અને સે-૨૪ અને સે-૨૭માં મકાન ભાડુઆતોના કિસ્સામાં તપાસ હાથ ધરી હતી. જેના અંતે પોલીસને જાણ કર્યા સિવાય મકાન ભાડે આપ્યું હોય તેવા પાંચ મકાન માલિકો સામે પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. સે-૨૧ પોલીસે જાહેરનામાના ભંગ બદલ મકાનમાલિકો વિરૂધ્ધ ગુન્હો નોંધ્યો છે.

## શહેર પેન્શનર્સ સમાજના વિદ્યાર્થીઓનો ૨૯મીએ સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ ૨૯મી જુલાઈ-૨૦૧૨ને બપોરે ૩ કલાકે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજની વાડી, સેકટર-૭-સી ગાંધીનગર ખાતે યોજાશે.

શહેર પેન્શનર્સ સમાજ પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ વર્ષ ૨૦૧૧-૧૨ના શૈક્ષણિક વર્ષમાં ૭૫ ટકા કે તેથી વધારે ગુણ મેળવ્યા હોય તેમજ ગાંધીનગરની શાળામાંથી ઉત્તીર્ણ થયા હોય તેવા વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ ૨૯મીએ બપોરે ૩ કલાકે સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજની વાડી ખાતે યોજાશે. સન્માનપાત્ર વિદ્યાર્થીઓના વડીલોને આમંત્રણ પત્રો મોકલી દેવામાં આવ્યા છે. તેમ છતાં પત્રો મળ્યા ન હોય તો તેઓએ સેકટરના પ્રતિનિધિઓના સંપર્ક સાધી આમંત્રણ પત્ર મેળવી લેવું. આ સમારંભમાં સન્માન પાત્ર વિદ્યાર્થીઓની સંખ્યા ૩૮૫ જેટલી હોવાથી કેવી રીતે તથા કઈ લાઈનમાં બેસાડવા તેનું માર્ગદર્શન અપાશે તથા તેમના ક્રમાંક પ્રમાણે બિલ્લાઓ આપવામાં આવશે. સમારંભની વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી વિદ્યાર્થીઓને સમારંભ પહેલા બપોરે ૨.૩૦ કલાકે નિયત સ્થળે પહોંચી જવા પ્રમુખ એસ.ડી.આર. મલીકે જણાવ્યું છે.

# ગાંધીનગર બ્રહ્મસમાજે ઘટનાને વખોડી

ગાંધીનગર, તા. ૨૭

મુંબઈમાં થોડા દિવસ અગાઉ એક ક્રિશ્ચિયને શિવલીંગ પર પગ મુકીને ફોટો પડાવતા ભારે વિવાદ ઉઠવા પામ્યો હતો. આ અંગે રોષે ભરાયેલા શિવભક્તોએ ઉગ્ર આંદોલન પણ છેડ્યું છે. ત્યારે ગાંધીનગર બ્રહ્મસમાજે પણ આ ઘટનાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢી છે.

મુંબઈના વડાલમાં શ્રાવણ માસ દરમિયાન જ લક્ષ્મણ જોન્શન નામના ક્રિશ્ચિયને શિવલીંગ પર પગ મુકીને ફોટો પડાવ્યો હતો. આ ફોટો અખબારોમાં અને ફેસબુકમાં આવવાને પગલે શિવભક્તોની ધાર્મિક લાગણી દુભાઈ હતી. એટલું જ નહીં, મુંબઈ અને સુરતમાં આ ઘટનાના વિરોધમાં ઉગ્ર આંદોલન પણ છેડવામાં આવ્યું છે. ત્યારે ગાંધીનગરના ભક્તો દ્વારા પણ આ ઘટનાને વખોડી કાઢવામાં આવી હતી.

આ અંગે ગાંધીનગરના કથાકાર કનૈયાલાલ પંડ્યાએ ઉગ્ર રોષ સાથે જણાવ્યું હતું કે, શિવજીના લીંગને કે જેને હિન્દુઓ પુંજે છે તેના પર આ યુવાને પગ મુકયો છે તે શિવજીના ભક્તો ક્યારે પણ સાંખી નહીં લે. આ સાથે તેમણે ધાર્મિક સંસ્થાઓ અને સાધુ-સંતો સહિત ભક્તોને આ ઘટનાનો વિરોધ કરવા જણાવ્યું હતું. તેમજ ગાંધીનગર બ્રહ્મસમાજ દ્વારા પણ આ ઘટનાને વખોડી કાઢવામાં આવી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭

સૂર્યાસ્ત : ૭.૨૫

## તાપમાન

મહત્તમ : ૩૬.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૪ ટકા ● સાંજે ૫૩ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

કયા સુપર કુલ હે હમ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

કયા સુપર કુલ હે હમ : ૧૦.૦૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧૨.૩૦

: સ્ક્રીન-૩ : ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧૨.૩૦, ૭.૦૦

બોલ બચ્ચન : ૧૨.૪૫

કૉકટેલ : ૪.૦૦

કયા સુપર કુલ હે હમ : ૧૦.૦૦

: સ્ક્રીન-૪ : ગટ્ટુ : ૧૦.૦૦

કૉકટેલ : ૧૧.૩૦, ૧૦.૧૫

બોલ બચ્ચન : ૨.૧૫, ૭.૧૫

આલાપ : ૫.૦૦

કયા સુપર કુલ હે હમ : ૧૦.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

કયા સુપર કુલ હે હમ : ૯.૦૦, ૧.૩૦, ૧૦.૧૫

આઈસ એઝ ૪:કોન્ટીનેન્ટલ ડ્રિફ્ટ (૩ડી) હિન્દી) : ૧૧.૩૦, ૪.૧૫, ૬.૧૫, ૮.૧૫

: સ્ક્રીન-૨ : ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૯.૩૦

કયા સુપર કુલ હે હમ : ૧૨.૩૦, ૩.૧૫, ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૩ : બોલ બચ્ચન : ૧૦.૦૦, ૪.૧૫, ૧૦.૦૦

ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧.૦૦

કયા સુપર કુલ હે હમ : ૭.૧૫

: સ્ક્રીન-૪ : કયા સુપર કુલ હે હમ : ૧૦.૩૦

કૉકટેલ : ૧.૧૫, ૭.૦૫

ધ ડાર્ક નાઈટ રાઈસીસ (હિન્દી) : ૪.૦૦, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

કયા સુપર કુલ હે હમ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

દેશ પરદેશ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર દ્વારા વિનોદભાઈ ત્રિવેદી, ડી- ૩૦૨, રાધે રેસીડેન્સી, સીટી પલ્સની સામે, ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સે.-૨૩, ગાંધીનગર દ્વારા ચેતનભાઈ જોશી , ૨૫, આલેખ ફલેટ, સેકટર-૨૩ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ અને સ્તૃતિ વંદના રાત્રે ૯.૦૦ કલાકે.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સે.-૨૬, ગાંધીનગર દ્વારા વિષ્ણુભાઈ જાની, બ્લોક નં.૫૬૧/૧, કિસાનનગર, ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ અને સ્તૃતિ વંદના રાત્રે ૯.૦૦ કલાકે.
- શ્રી રામજી, મંદિર શ્રીરામ ધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિતે સવારથી જ જરી, મોતી, કાચથી શ્રુંગાર.

## આપની આજ

**મેષ** : કુટુંબીજનો તથા મિત્રોના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. તમારા પ્રયાસોની લોકો પ્રશંસા કરશે. ધન વ્યવસ્થા કરવામાં મુશ્કેલી આવી શકે છે.

**વૃષભ** : જ્ઞાન, શિક્ષા, સંશોધન વગેરે વિષયો પર સમયનો વ્યય થઈ શકે છે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં કર્મક્ષેત્ર દ્વારા સફળતા પ્રાપ્તિ થઈ શકશે.

**મિથુન** : તમારી વ્યવહારકુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સ્થાયી સંપતિ થવાની સંભાવના છે. ગ્રાહકોથી મધુર સંબંધો જળવાઈ રહેશે.

**કર્ક** : વિશેષ કાર્ય માટે કરવામાં આવેલી ભાગદોડ લાભદાયી અને સાર્થક નીવડી શકશે. ધન પ્રાપ્તિ થવાની પૂરી સંભાવનાઓ રહેલી છે. કાયદાકીય બાબતોનું સમાધાન થઈ શકે છે.

**સિંહ** : મહત્વકાંક્ષાઓ પ્રગતિ પ્રેરક બની રહેશે. રોજગાર - વ્યાપારના ક્ષેત્રને વિસ્તૃત કરવાનું આયોજન થઈ શકશે. શૈક્ષણિક પ્રતિ સ્પર્ધામાં સફળતા પ્રાપ્ત થવાની શકતાઓ રહેલી છે.

**કન્યા** : સંતાનપક્ષ તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. આપને આજે વ્યવસાય સંબંધી શુભ પ્રસ્તાવ મળી શકે છે. રહેઠાણ સંબંધી સમસ્યા રહેશે. વ્યાપાર લાભદાયક રહેશે.

**તુલા** : હિતેચ્છુઓનો સહયોગ અને સારા સંબંધોને કારણે લાભ અને ઉન્નતિનો માર્ગ મોકળો થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે. ગુસ્સા અને ઉતેજના પર નિયંત્રણ રાખવો.

**વૃશ્ચિક** : રોજગાર સંબંધી કાર્યોમાં લાભ થઈ શકશે. શત્રુ, વિવાદ વગેરે પર વિશેષ ચિંતનનો યોગ બની રહ્યો છે. સ્વાસ્થ્ય પર વિશેષ ધ્યાન રાખવું.

**ધન** : ભાગ્યવર્ધક વિશેષ યાત્રા પ્રવાસો બાદ લંબિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થવાની સંભાવના છે. ગહન શોધ, ધાર્મિક મહત્વના કાર્યોમાં ઉપલબ્ધિ થઈ શકશે.

**મકર** : ભવન, મકાન, વાહન, સામાજિક પ્રતિષ્ઠાને લગતું વિશેષ ચિંતન તથા તેને પ્રાપ્ત કરવાનું આયોજન કરી શકશો. આર્થિક કાર્યો અંગે સામાન્ય હેરાનગતિ થઈ શકે છે. પ્રતિષ્ઠામાં વૃદ્ધિનો વધારો થઈ શકશે.

**કુંભ** : શિક્ષણ સંબંધી કાર્યો અંગે માનસિક બેચેની બની રહેશે. આર્થિક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. ઋણ સંબંધી આર્થિક સમસ્યાઓ પર કાર્યો થવાની સંભાવના છે.

**મીન** : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકશે. નોકરીમાં અવરોધો દૂર થઈ શકે છે. લંબિત આર્થિક પ્રકરણોને લીધે લાભની સ્થિતિ.

## ચિરવિદાય

- સ્વ. મેનાબેન વરસંઘજી ઠાકોર (ઉ.વ. ૮૫) મુ.પો. પ્રાંતિયા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. હિરાબેન વાડીલાલ પટેલ (ઉ.વ. ૮૯) મુ.પો. સોનીપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. બાલુજી ગોગાજી ઠાકોર (ઉ.વ. ૭૫) મુ.પો. મોટી આદરજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ગંગાબેન નાગરજી ઠાકોર (ઉ.વ. ૬૫) મુ.પો. ઉવારસદ, તા., જિ. ગાંધીનગર.

# ભરતનાટ્યમ એ ઈશ્વરની આરાધના કરવાનો ઉત્તમ માર્ગ છે

## વાત ગાંધીનગરની ૧૫૩ દીકરીઓને નૃત્યકલાની તાલીમ આપીને તૈયાર કરનારાં કલાગુરુ અમીબેન વાંકાણીની






આપણી જિંદગી સાથે તહેવારો, ભાવો ને કલાઓનું પણ મહત્ત્વ અભિન્ન રીતે જોડાયેલું છે. આજે અહીં વાત કરવી છે એવા કલાગુરુની કે જેમણે ગાંધીનગરની ૧૫૩ જેટલી દીકરીઓને નૃત્યકલામાં પારંગત બનાવીને એમને કલાનો એક નવો જ રાહ ચિંધ્યો છે.

આમ તો પ્રસ્તાવના ઉપરથી જ ખબર પડી જાય કે અહીં વાત થાય છે ગાંધીનગરના વન એન્ડ ઓન્લી અમીબેન વાંકાણીની.

અમીબેનનું મૂળ વતન વેરાવળ અને એમનું જન્મસ્થળ વલભીપુર. એમણે ગુજરાત યુનિવર્સિટીમાંથી ફિલોસૉફી સાથે ઍમઍ કર્યું અને ૧૯૯૫માં સંજયભાઈ વાંકાણી સાથે લગ્ન કર્યાં.

અમીબેને બાળપણમાં જ પિતાનું છત્ર ગુમાવી દીધું હતું. પરંતુ માની ખૂબ નજદીક અને માની ઈચ્છા પૂર્ણ કરવા તેમણે ભારતીય નૃત્યકલા શીખવાનો નિર્ણય કર્યો હતો. ૧૦ વર્ષની વયે પોતાનાં મોટાબેન અપેક્ષાબેન સાથે નગરનાં જાણીતા કલાગારુ નીરાબેન પાસે ભરતનાટ્યમ શીખવાનું શરૂ કર્યું અને ૧૬ વર્ષની વયે તો પોતાનું આરંગેત્રમ પણ પૂર્ણ કરી દીધું.

એ પછી એમણે કલાગુરુ ઈલાક્ષીબેન ઠાકર પાસે ૪ વર્ષ તાલીમ મેળવી. અને ૧૯ વર્ષની નવયુવાન વયે પૂનાની મહાગાંધર્વ વિશ્વ વિદ્યાલયની વિષારદની પદવી પણ તેમણે મેળવી લીધી.

લગ્ન થયા બાદ એ જ વર્ષથી પંચદેવ મંદિર ખાતે સ્વતંત્ર રીતે પોતાની સંસ્થા 'નૃત્યકલા'ના બેનર હેઠળ દીકરીઓને ભરતનાટ્યમની તાલીમ આપવાનો આરંભ કર્યો. ૨૦૧૦ સુધી ચાલેલા આ વર્ગોમાં ગાંધીનગરની ઘણી દીકરીઓએ ભરતનાટ્યમની તાલીમ મેળવી.

૧૯૯૭માં સૅક્ટર-૮ ખાતે સ્થિત સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે પણ તેઓ ભરતનાટ્યમની તાલીમ દીકરીઓને આપી રહ્યા છે, જે આજદિન સુધી ચાલુ છે. આજે આ વર્ગમાં ૭૦ જેટલી દીકરીઓ તાલીમ લઈ રહી છે.

અમીબેનની દીકરી ચિનાર પણ આ જ કલાની તાલીમ મેળવી રહી છે ને ભવિષ્યમાં મમ્મીની જેમ કલાકાર તરીકે નામ આગળ કરવા સજ્જ છે. ૧૫૩ જેટલી દીકરીઓને તાલીમ આપીને તેમનાં આરંગેત્રમ કરાવ્યાં એ બાબતને અમીબેન પોતાની કલાની સફળતા ગણે છે. એમની આ સિદ્ધિ બદલ ગાંધીનગરની જાણીતી કલા સંસ્થા અવસર કલા મંદિર તથા કચ્છ કાઠિયાવાડ મિત્ર મંડળ તરફથી એમને સન્માનિત પણ કરવામાં આવ્યા છે.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા તાજેતરમાં આયોજિત કલ કે કલાકાર કાર્યક્રમમાં પણ તેમણે પોતાની સેવાઓ આપી હતી. આ ઉપરાંત ગુજરાત યુનિવર્સિટી યુથ ફેસ્ટીવલ, કડી સર્વ વિશ્વવિદ્યાલય યુથ ફેસ્ટીવલ, લાયન્સ કલબ, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, યુથ હોસ્ટેલ, નહેરુ યુવા કેન્દ્ર જેવી અનેક સંસ્થાઓ દ્વારા આયોજિત સ્પર્ધાઓમાં એમણે નિર્ણાયક તરીકે પોતાની નિષ્ણાત સેવાઓ આપી છે.

ભરતનાટ્યમ્‌ની વિશારદ કક્ષાની પરીક્ષાના ઍક્ઝામીનર તરીકે ગુજરાતના નિષ્ણાતોમાં અમીબેનનું પણ નામ છે એ વાત આપણા સૌ માટે ગૌરવ લેવા જેવી છે.

૬ વર્ષ અગાઉ અમીબેને છાયાબેન ચાવડા અને એમની દીકરી રાધિકા ચાવડાને તાલીમ આપીને માતા-પુત્રીને એક સાથે આરંગેત્રમ કરાવ્યું એ બાબત અમીબેન માટે જીવનની યાદગાર અને ગૌરવપૂર્ણ ઘટના છે.

માત્ર આવકના સાધન તરીકે એમણે કલાને નથી અપનાવી એ બાબતનો પુરાવો એ છે કે ગાંધીનગરની પંદર જેટલી દીકરીઓને વિનામૂલ્યે ભરતનાટ્યમની તાલીમ આપીને તૈયાર કરી છે.

અમીબેનને ભરતનાટ્યમ ઉપરાંત રાસ-ગરબામાં પણ બહુ રસ છે. અને હા, આ સારા નૃત્યાંગના ભરત-ગૂંથણ ઉપરાંત ઉદ્‌ઘોષણામાં પણ પોતાની હથોટી ધરાવે છે.

ભરતનાટ્યમ એ ઈશ્વરની આરાધના કરવાનો ઉત્તમ માર્ગ છે એવું માનતા અમીબેનને આ નૃત્યમાં ભગવાનનાં દર્શન થાય છે. ભારતીય કલા આ નૃત્યના માધ્યમથી ઓળખાય છે ને ઉજાગર થાય છે ને એ બાબતનું વહન કરવાનું એક માધ્યમ પોતે બન્યા છે એ વાતને અમીબેન પોતાનું સદ્‌ભાગ્ય ગણે છે. દીકરાને જેમ જનોઈ આપીને સંસ્કારોથી સિંચવામાં આવે છે તેમ દીકરીઓને પણ કલાના સંસ્કારો આપીને સિંચવી જોઈએ એવી સલાહ એ દરેક માતાને આપે છે. વળી, દીકરી માટે કલા અગત્યની બાબત પણ છે એવું એ માને છે કારણ કે એનાથી સ્વરોજગારી, સ્વનિર્ભરતા અને સમાજમાં સન્માન પણ પ્રાપ્ત થાય છે.

પોતાની આ કલાયાત્રાનું શ્રેય પોતાનાં માતા, કલાગુરુ અને પોતાના જીવનસાથી સંજયભાઈને આપતાં પોતાનામાં રહેલી સઘળી કલાઓ આજીવન પોતાની શિષ્યાઓમાં આરોપતા રહેવાની પ્રતિબદ્ધતા અમીબેન વ્યક્ત કરે છે.